# સોગંદનામુ

હું ........................................................................................................ ટ્રસ્ટનું નામ.......................................................................................................................................
............................હોદ્દો ........................ઉંમર .......... વર્ષ રહેવાસી ગામ ..............................
તાલુકા .....................જિલ્લો ........................ આથી નીચે પ્રમાણેની હકીકત સત્યપ્રતિજ્ઞા પૂર્વક જાહેર કરુ છુ કે, જુન-૨૦૧૮ થી સૂચિત શાળાનું નામ ...................................................................................
........................................................................... ગામ .............................. તાલુકા ......................... જિલ્લો ................................ ખાતે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે આ સોગંદનામૂ કરૂ છું.

1. નવી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે શાળાનું મકાન અને મેદાન ટ્રસ્ટ પોતાની માલિકીનું ધરાવે છે. આ જમીનમાં શાળાના મકાન અને અન્ય ભૌતિક સુવિધાઓને બાદ કરતાં બાકીની ૧૨૦૦/૨૦૦૦ ચોરસ મીટર(લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું) જમીન રમતગમતના મેદાન માટે ખુલ્લી રાખવામાં આવે છે. જમીનની માલિકી હકના આધારો સામેલ છે.

   અથવા

   શાળા મંડળની માલિકીની જમીન કે મકાન નથી પરંતુ શાળાના મકાન અને અન્ય ભૌતિક સુવિધાઓને બાદ કરતાં બાકીની ૧૨૦૦/૨૦૦૦ ચોરસ મીટર રમતગમતના મેદાન માટે ખુલ્લી જમીન સાથેના મકાન માટે માલિક સાથે ઓછામાં ઓછો ૧૦ વર્ષનો ભાડા કરાર કરવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. ભાડા કરારમાં જમીનની માલિકી હક ધરાવતા તમામ માલિકોની સહી થયેલી છે.

   (ઉપરના બંને પેરા પૈકી લાગુ પડતું હોય તેનો ઉલ્લેખ કરવો.)

2. શાળા મેદાન માટે દર્શાવેલ જમીન અને શાળા મકાનનું બાંધકામ થયેલ છે તે તમામ જમીન “બિન ખેતી” થયેલ છે. બિન ખેતીના આધારો દરખાસ્ત સાથે સામેલ કરેલ છે. શાળાનાં મેદાન અને મકાન માટે દર્શાવેલ જમીનમાં કોઈ પણ પ્રકારનો વાદ-વિવાદ કે કોર્ટ કેસ નથી.

3. નવી માધ્યમિક શાળા માટે શાળા મકાનમાં ઓછામાં ઓછા ૪૦૦ ચોરસ ફૂટ(૩૮ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા ૩ વર્ગખંડો, પ્રયોગશાળા, કોમ્પ્યુટર લેબ અને ૨૫૦ ચોરસ ફૂટ(૨૩ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા આચાર્યખંડ અને સ્ટાફરૂમની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, કુમારો અને કન્યાઓ માટે ઓછામાં ઓછી ૨-૨ મુતરડી અને ૨ સંડાસની વ્યવસ્થા કરેલ છે. પીવાના પાણી માટે પાણીનો બોર/ પીવાના પાણીના નળની વ્યવસ્થા કરેલ છે. વોટરરૂમમાં ઓછામાં ઓછા ૫ નળ પીવાના પાણી માટે રાખેલ છે. (નવી માધ્યમિક શાળા માટે અરજી કરતા હો તો)

   અથવા

   નવી ઉચ્ચતર માધ્યમિક શાળા માટે શાળા મકાનમાં ઓછામાં ઓછા ૪૦૦ ચોરસ ફૂટ(૩૮ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા ૩ વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રવાહ માટે ૩ પ્રયોગશાળાખંડ(૬૦૦ ચોરસ ફૂટ-૫૬ ચોરસ મીટર પ્રત્યેક), અને ૨૫૦ ચોરસ ફૂટ(૨૩ ચોરસ મીટર) ક્ષેત્રફળવાળા

આચાર્યખંડ અને સ્ટાફરૂમની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, કુમારો અને કન્યાઓ માટે ઓછામાં ઓછી ૨-૨ મુતરડી અને ૨ સંડાસની વ્યવસ્થા કરેલ છે. પીવાના પાણી માટે પાણીનો બોર/ પીવાના પાણીના નળની વ્યવસ્થા કરેલ છે. વોટરરૂમમાં ઓછામાં ઓછા ૫ નળ પીવાના પાણી માટે રાખેલ છે.(નવી ઉચ્ચતર માધ્યમિક શાળા માટે અરજી કરતા હો તો)

4. શાળા મકાન માટે સક્ષમ સત્તાધિકારી પાસે નકશો મંજૂર કરાવેલ છે. મકાન વપરાશનું પ્રમાણપત્ર નિયમાનુસાર મેળવેલ છે. સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ શાળા મકાનનાં નકશાની પ્રમાણિત નકલ અને મકાન વપરાશના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ દરખાસ્ત સાથે સામેલ કરેલ છે.
5. સરકાર દ્વારા માન્ય કરેલ સ્ટ્રક્ચરલ એન્જીનિયરે/હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયરે શાળાના મકાનની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી માટે આપેલ અસલ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ દરખાસ્ત સાથે સામેલ કરેલ છે.(લાગુ ન પડતુ હોય તે છેકી નાંખવું.)
6. શાળા મકાન અને મેદાનના ફોટોગ્રાફ્સ દરખાસ્ત સાથે સામેલ કરેલ છે.
7. શાળાનું મકાન શોપીંગ સેન્ટરમાં આવેલ નથી તેમજ શોપીંગ સેન્ટર સાથે કોઈ રીતે જોડાયેલ નથી.
8. શાળા સંકુલમાં આગ સામે સલામતી માટેની માર્ગદર્શિકા મેં/અમોએ વાંચી છે અને તેમાં જણાવ્યા મુજબ યોગ્ય પ્રકારનાં, કદનાં, સંખ્યાનાં અગ્નિશામક યોગ્ય જગ્યાએ લગાડ્યા છે.
9. શાળા સંકુલમાં વિદ્યાર્થીઓની સલામતીને હાનિ પહોંચાડે તેવી કોઈ પ્રવૃત્તિ અથવા કાર્યવાહી કરવામાં આવતી નથી તેમજ ભવિષ્યમાં પણ આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ કે કાર્યવાહી કરવામાં આવશે નહીં અને પ્રદૂષણ ઉભું થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરવામાં આવશે નહીં.
10. સૂચિત શાળા માટે દર્શાવેલ મકાન નેશનલ બિલ્ડીંગ કોડનાં નોર્મ્સ મુજબ બંધાયેલ છે અને તેની ચકાસણી નિયમાનુસાર કરાવી પ્રમાણપત્ર મેળવેલ છે.
11. શાળા મંડળની નોંધણી કાયદેસર રીતે થયેલ છે અને તેના પ્રમાણપત્રની નકલ દરખાસ્ત સાથે સામેલ કરેલ છે.
12. વિદ્યાર્થીઓને સલામતીને હાનિ પહોંચવાની શક્યતા હોય તેવા પ્રકારની ગેસ/ઓઈલ પાઈપલાઈન, વિદ્યુત લાઈન(હાઈ ટેન્શન લાઈન) વગેરેથી શાળા અને શાળાનું મેદાન સલામત અંતરે આવેલું છે.
13. શાળામંડળના સભ્યો/ ટ્રસ્ટીઓની વિગત કે જેમાં નામ/સરનામું, ધંધો, લાયકાત વગેરે દર્શાવેલી માહિતી તેમજ આ સભ્યો/ ટ્રસ્ટીઓ એક બીજા સાથે કેવી રીતે જોડાયેલા છે તેની માહિતી ઓનલાઈન અરજીપત્રકમાં આપવામાં આવેલ છે અને તે સંપૂર્ણ સાચી અને આધારભૂત છે.
14. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ , ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ તથા તા.૧/૭/૨૦૧૧ના રોજ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડેલ શાળા સંચાલન માટેની માર્ગદર્શક સૂચનાઓ તેમજ આનુષાંગિક વખતોવખતના સુધારાઓ મુજબ શાળા સંચાલન કરવામાં આવશે.
15. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974 તથા તેને આનુસાંગિક સુધારાઓ સાથેના હવે પછી અમલમાં આવનાર વિનિયમોમાં દર્શાવ્યા મુજબની ન્યુનતમ લાયકાત ધરાવતા શિક્ષકોની યાદી નોંધણી સમયે રજૂ કરીશું. આ યાદી રજૂ કરવામાં અમો નિષ્ફળ જઈએ તો અમારી શાળાની નોંધણી

નોટીસ આપ્યા વિના રદ થવાને પાત્ર છે, તે વિશે અમો પુરેપુરા માહિતગાર છીએ.

16. શાળામાં શિક્ષકોની નિમણૂંક અધિનિયમ અને વિનિયમોની જોગવાઈ અનુસાર કરવામાં આવશે. શિક્ષકોને નિમણૂંક આપ્યા તારીખથી તેઓની સેવાપોથી નિભાવવામાં આવશે. વર્ગોના પ્રમાણમાં નિયત કરેલ સ્ટાફ કરતા ઓછો સ્ટાફ રોકીશું નહીં તેમજ શિક્ષકોને એડહોક ધોરણે નિમણૂંક આપવામાં આવશે નહીં. નિમણૂંક આપેલ શિક્ષકોને બોર્ડની જાહેર પરીક્ષાની ઉત્તરવહીઓ ચકાસણી માટે બોર્ડના આદેશ અનુસાર છૂટા કરીશું તથા તેઓ નિષ્ઠાપૂર્વક પૂર્ણ સમય કામગીરી બજાવશે તેની ખાતરી આપીએ છીએ.
17. રાજ્ય સરકારશ્રી નક્કી કરે તેવા અને સરકારી શાળા/ અનુદાનિત શાળાઓના શિક્ષકોને આપવામાં આવતા પગારભથ્થાથી ઓછી રકમના પગારભથ્થા શિક્ષકોને ચૂકવવામાં નહીં આવે. શિક્ષકોને પગારની ચૂકવણી બેંક મારફતે કરવામાં આવશે.
18. શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના સર્વિસ રેકર્ડ નિભાવવામાં આવશે અને તેમાં સમયાંતરે જરૂરી નોંધ કરવામાં આવશે.
19. શાળામાં વિદ્યાર્થીઓ માટે પીવાના સ્વચ્છ પાણીની પુરતી જોગવાઈ કરવામાં આવશે તેમજ આરોગ્ય વિષયક સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. કન્યા અને કુમારો માટે અલગ અલગ આરોગ્ય વિષયક સુવિધાઓ અમોએ ઉપલબ્ધ કરાવેલ છે.
20. વિદ્યાર્થીઓને બાયસેગ (BISAG) ના માધ્યમથી શિક્ષણ મળી શકે તે માટે ડીસ્કની જોગવાઈ કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી ભવિષ્યમાં આ પ્રકારની અન્ય સુવિધાઓ નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
21. વિદ્યાર્થીઓના જનરલ રજિસ્ટર, LC બુક અને અન્ય રજીસ્ટરો યોગ્ય રીતે નિભાવવામાં આવશે.
22. શાળાના મકાનમાં અન્ય ટ્રસ્ટની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા કે અન્ય શૈક્ષણિક/બિનશૈક્ષણિક સંસ્થા ચાલતી નથી કે આ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી નથી.
23. શાળામંડળે દર્શાવેલ મકાનમાં મંડળની પોતાની _______ માધ્યમની પ્રાથમિક/માધ્યમિક શાળા ચાલે છે જેમાં ધોરણ ૯/૧૦માં કુલ ______ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.(લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.)

24. શાળા મંડળે દર્શાવેલ મકાનમાં મંડળની પોતાની ____________પ્રવાહની _________માધ્યમની પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા કે મહાશાળા ચાલે છે, જેમાં પ્રાથમિક વિભાગમાં કૂલ ________ વિદ્યાર્થીઓ, માધ્યમિકમાં ________ વિદ્યાર્થીઓ, ઉચ્ચતર માધ્યમિકમાં ________ વિદ્યાર્થીઓ તથા મહાશાળામાં ________ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે (ઉક્ત પૈકી જે લાગુ પડતું હોય તેની વિગતો આપવી.)

25. શાળામંડળ શાળા ચલાવવા સક્ષમ છે તેમજ તે માટે પુરતું બેંક બેલેન્સ ધરાવે છે. તેના આધારો દરખાસ્ત સાથે સામેલ કરેલ છે.

26. નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટેના ઓનલાઈન દરખાસ્ત ફોર્મમાં માંગવામાં આવેલ તમામ આધારોનું સ્કેનીંગ કરાવી ઓનલાઈન અરજી સાથે રજૂ કરેલ છે.

27. સૂચિત શાળાના પરિસરમાં કોઈ ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા ચાલતી નથી.(લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું.)

28. નવી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાની દરખાસ્ત ફક્ત નોન ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા માટે જ કરવામાં આવે છે અને તેથી અમો અથવા અમારું સંચાલક મંડળ ગ્રાન્ટ માટેની કોઈપણ પ્રકારની માંગણી ભવિષ્યમાં કરશે નહીં.(લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું.)

29. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રચાયેલા વિનિયમો તેમજ બોર્ડ/ શિક્ષણ વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવનાર ઠરાવો/ પરિપત્રો/ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અમો બંધાયેલા છીએ અને તેમાં કોઈપણ પ્રકારની ચૂક થશે તો તે માટે બોર્ડ/રાજ્ય સરકાર દ્વારા જે કોઈ નિર્ણય લેવામાં આવશે તે અમોને બંધનકર્તા રહેશે.

30. શાળાની મંજુરી મળેથી તમામ વર્ગખંડોમાં CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા અમારી શાળામાં ઉપલબ્ધ થશે તેવી અમે ખાતરી આપીએ છીએ.

31. ધી ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ્ડ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ) એક્ટ, ૨૦૧૭ ની જોગવાઈઓનું પાલન કરવાની ખાતરી આપવામાં આવે છે.

32. આ સાથે દરખાસ્ત ફી રૂ.૧૦,૦૦૦/- નો ચલણ અથવા Online payment detail રજૂ કરીએ છીએ. શાળાની કામચલાઉ મંજૂરી મળ્યેથી બાકીનાં રૂ.૨૫,૦૦૦/- નો ચલણ અથવા Online payment detail નિયત સમયમર્યાદામાં બોર્ડની કચેરીને મળે તે રીતે રજૂ કરવાની બાંહેધરી આપીએ છીએ.

પેમેન્ટ રેફરન્સ નંબર (ચલણ) (બેંક દ્વારા આપવામાં આવેલ હોય તે) :- ______________
પેમેન્ટ તારીખ (ચલણ) :- ______________
બેંકનું ટૂંકુ નામ :- ______________
બેંક બ્રાંચ :- ______________

33. ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે તે બાબતથી અમો માહિતગાર છીએ.

સંચાલક મંડળનું નામઃ

સોગંદનામું કરનાર વ્યકિતનું નામ / સહી

હોદ્દોઃ

મંડળનો સિકકોઃ

તારીખઃ